| 4. | **Varsamedi Branch**<br>**Borrower:**<br>Subhashbhai Dhanabhai Solanki<br>**Address:**<br>Plot No. 96, R. S. No. 395/1, Ambaji Residency, Village - Varsamedi, Tal. Anjar, Kachchh - 370110. | ₹ 8,63,458/- + further interest thereon + costs, other charges & expenses till date of payment, as per 13(2) notice Dtd. 07-08-2024 | Residential Property (House) at Plot No. 206, R. S. No. 344, Ambaji City, Village – Varsamedi, Tal. - Anjar, Dist. – Kachchh, PIN - 370110<br>**Land and Construction**<br>Land: 55.00 Sqr. Mtr.<br>Construction: 36.40 Sqr. Mtr.<br>**Bounded by**<br>North: - Plot No. 205, South: - Plot No. 207, East: - 9.00 Mtr. Road, West: - 1.50 Mtr. Road | **Reserve Price**<br>**Rs. 7,30,000/-**<br>(Rupees Seven Lakh Thirty Thousand Only)<br>**EMD**<br>**Rs. 73,000/-**<br>(Rupees Seventy Three Thousand Only) | **Physical**<br>**18-06-2025**<br>**16-06-2025** |
| 5. | **Galpadar Branch**<br>**Borrowers:**<br>1. Mrs. Rizwana Khatoon<br>2. Mr. Manjar Alam Mohemad<br>**Address:**<br>Gausanagar, Rampatti, Madhubani, Rampatti, Bihar-847236 | ₹ 7,46,820/- + further interest thereon + costs, other charges & expenses till date of payment, as per 13(2) notice Dtd. 31-12-2024 | Residential Property (House) at Plot No. 105, R.S. No.- 344, Ambaji City, Village – Varsamedi, Tal. - Anjar, Dist-Kachchh, PIN - 370110<br>**Land and Construction**<br>Land: 55.00 Sqr. Mtr.<br>Construction: 36.40 Sqr. Mtr.<br>**Bounded by**<br>North: - Plot No. 106, South: - Plot No. 104, East: - 1.50 Mtr. Road, West: - 9.00 Mtr. Road | **Reserve Price**<br>**Rs. 8,55,000/-**<br>(Rupees Eight Lakh Fifty Five Thousand Only)<br>**EMD**<br>**Rs. 85,500/-**<br>(Rupees Eighty Five Thousand Five Hundred Only) | **Physical**<br>**18-06-2025**<br>**16-06-2025** |
| 6. | **Kidana Branch**<br>**Borrowers:**<br>1. Mr. Ibrahim Amadbhai Koreja<br>2. Mrs. Salmabai Ibrahim Koreja<br>**Address:**<br>Muslimvas, Nani Chirai, Moti Chirai, Tal. Gandhidham, Kutch, Pin - 370140 | ₹ 7,69,097/- + further interest thereon + costs, other charges & expenses till date of payment, as per 13(2) notice Dtd. 03-10-2023 | Residential Property (House) at Plot No. 25, R. S. No. 7/1, Kidana 7, Vill – Kidana, Tal. Gandhidham, Dist. Kutch. 370205.<br>**Land and Construction**<br>Land: 55.26 Sq. Mtr.<br>Construction: 35.905 Sq. Mtr.<br>**Bounded by**<br>North: - 9.00 Mtr Road, South: - Plot No. 22, East: - Plot No. 26, West: - Plot No. 24 | **Reserve Price**<br>**Rs. 7,70,000/-**<br>(Rupees Seven Lakh Seventy Thousand Only)<br>**EMD**<br>**Rs. 77,000/-**<br>(Rupees Seventy Seven Thousand Only) | **Physical**<br>**18-06-2025**<br>**16-06-2025** |
| 7. | **Kidana Branch**<br>**Borrowers:**<br>1. Mr. Sanirudh Tanti<br>2. Mrs. Neha Kumari<br>**Address:**<br>Mathurapur, Bhagalpur, Bihar, Pin – 813222. | ₹ 9,10,045/- + further interest thereon + costs, other charges & expenses till date of payment, as per 13(2) notice Dtd. 03-05-2024 | Residential Property (House) at Plot No – 38, R. S. No. 7/1, Kidana - 7, Village – Kidana, Tal. - Gandhidham, Dist. – Kachchh, PIN - 370205<br>**Land and Construction**<br>Land: 55.26 Sqr. Mtr.<br>Construction: 35.905 Sqr. Mtr.<br>**Bounded by**<br>North: - Plot No. 47, South: - 9.00 Mtr. Road, East : - Plot No. 37, West : - Plot No. 39 | **Reserve Price**<br>**Rs. 8,10,000/-**<br>(Rupees Eight Lakh Ten Thousand Only)<br>**EMD**<br>**Rs. 81,000/-**<br>(Rupees Eighty One Thousand Only) | **Physical**<br>**18-06-2025**<br>**16-06-2025** |

For details terms & conditions of auction please refer our bank's website **"https://www.gujaratgb.in/e_auction.php"** or contact Authorized Officer - 02832-225137/225138/221264/6357188651, Gujarat Gramin Bank, Bharatnagar branch (for Serial No. 1 & 2) Mob- 6358839647, 2. Gujarat Gramin Bank, Nagalpar branch (for Serial No. 3) Mob – 6358839611, 3) Gujarat Gramin Bank, Varsamedi branch (for Serial No. 4) Mob-6358839642, 4) Gujarat Gramin Bank, Galpadar branch (for Serial No. 5) Mob- 6358839614, 5) Gujarat Gramin Bank, Kidana branch (for Serial No. 6 & 7) Mob- 6358839639

**Statutory 15 days Sale notice under SARFAESI Act, 2002**

Borrowers/ Guarantors are hereby informed by this notice to deposit Demand amount with interest and other expenses before last date of auction, failing which, properties will be auctioned/ sale and if any amount remain due after auction/sale, will be recovered with interest and other expenses.

**Date : 30.05.2025, Place : Bhuj** **Sd/-Authorised Officer, Gujarat Gramin Bank**

### સર્વાધિક લીડથી જીતવાનો કેશુબાપાનો રેકોર્ડ પણ તેના પુત્રને જનતાએ જાકારો આપેલો

# વિસાવદરના મતદારોનો મિજાજ હંમેશા અલગ, એક સમયે કોંગ્રેસનો ગઢ પછી, ભાજપ-આપને જીતાડી

### અત્યાર સુધીની ૧૫ ચૂંટણીમાં ૫ વખત કોંગ્રેસ, ૪ વખત ભાજપ અને એક વખત આપના ઉમેદવાર જીત્યા



**વિસાવદર વિધાનસભા (૧૯૬૨-૨૦૨૨)**

| વર્ષ | પક્ષ | જીતેલા ઉમેદવાર | મળેલી લીડ |
|---|---|---|---|
| ૧૯૬૨ | કોંગ્રેસ | મદીનાબેન નાગોરી | ૬૭૭૧ |
| ૧૯૬૭ | SWA | કે.ડી.ભેંસાણીયા | ૮૩૧ |
| ૧૯૭૨ | કોંગ્રેસ | રામજીભાઈ કરકર | ૩૫૫૯ |
| ૧૯૭૫ | KLP | કુરજીભાઈ ભેંસાણીયા | ૯૪૩૧ |
| ૧૯૮૦ | JNP | ધીરજલાલ રીબડીયા | ૩૦૬૬ |
| ૧૯૮૫ | કોંગ્રેસ | રામાણી પોપટલાલ | ૯૭૨૫ |
| ૧૯૯૦ | JD | કુરજીભાઈ ભેંસાણીયા | ૧૮૬૪૨ |
| ૧૯૯૫ | ભાજપ | કેશુભાઈ પટેલ | ૨૯૫૪૫ |
| ૧૯૯૮ | ભાજપ | કેશુભાઈ પટેલ | ૩૭૭૨૦ |
| ૨૦૦૨ | ભાજપ | ભાલાળા કનુભાઈ | ૧૮૮૧૯ |
| ૨૦૦૭ | ભાજપ | ભાલાળા કનુભાઈ | ૪૨૨૯ |
| ૨૦૧૨ | GPP | કેશુભાઈ પટેલ | ૪૨૧૮૬ |
| ૨૦૧૪ | કોંગ્રેસ | હર્ષદ રીબડીયા | ૧૦૨૬૦ |
| ૨૦૧૭ | કોંગ્રેસ | હર્ષદ રીબડીયા | ૨૩૧૦૧ |
| ૨૦૨૨ | આપ | ભૂપત ભાયાણી | ૭૦૬૩ |

। જૂનાગઢ ।

જૂનાગઢ જિલ્લામાં પાટીદાર મતદારોનું સર્વાધિક પ્રભુત્વ ધરાવતી એકમાત્ર વિસાવદર વિધાનસભા બેઠક એવી છે, જે બેઠકના મતદારોનો મિજાજ હમેંશા અલગ જ રહ્યો છે, એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતી બેઠક ઉપર ૧૯૯૫ થી ભાજપે એન્ટ્રી કરીને સતત ૪ વખત જીત હાંસલ તો કરી પરંતુ પછી મતદારોએ છેલ્લી ચુંટણીમાં આમ આદમી ઉપર વિશ્વાસ મુક્યો હતો, પરંતુ જીતેલા ઉમેદવારે જ વિશ્વાસઘાત કરતા ફરીથી પેટા ચુંટણી યોજાવાનો વારો આવ્યો છે.

વાત અહી મહત્વની એ છે કે, આ વિસ્તારમાં હાલની સ્થિતિએ જોઈએ તો ૨,૬૧,૦૯૨ મતદારો નોધાયેલા છે, જેમાં સર્વાધિક એક લાખ મતદારો પાટીદાર સમાજના છે, જેથી મોટાભાગની ચુંટણીમાં દરેક રાજકીય પક્ષો પોતાના ઉમેદવારની પસંદગીનો કળશ પાટીદાર ઉમેદવાર ઉપર જ કરે છે, તેવી રીતે ૧૯૬૨ માં સૌ-પ્રથમ કોંગ્રેસના મહિલા ઉમેદવાર મદીનાબેન નાગોરીએ આ બેઠક જીતીને કોંગ્રેસનો ગઢની સ્થાપના કરી હતી, ત્યાર પછી ૧૯૯૦ સુધીની છ ચુંટણીમાં કોંગ્રેસ ૧૯૭૨ અને ૧૯૮૫ માં જીતી તે સિવાય ૧૯૬૭ માં એસડબ્લ્યુએ, ૧૯૭૫ માં કે.એલ.પી., ૧૯૮૦ માં જે.એન.પી. અને ૧૯૯૦ માં જનતાદળના ઉમેદવારની જીત થયેલ હતી.

ત્યાર બાદ એટલે ૧૯૯૫ માં વિસાવદર બેઠક ઉપર કેશુભાઈ પટેલે ભાજપને સૌ-પ્રથમ જીત અપાવીને કોંગ્રેસનો ગઢ તોડ્યો અને કેશુબાપા ૧૯૯૫ પછી ૧૯૯૮ માં પણ ફરીથી ભાજપમાંથી જ ચુંટણી જીત્યા હતા, પરંતુ ૨૦૦૨ અને ૨૦૦૭ માં ભાજપ તરફથી કનુભાઈ ભાલાળાએ ઉમેદવારી કરીને બે વખત ધારાસભ્ય બન્યા, તેના પછી ૨૦૧૨ માં ફરીથી કેશુબાપા પોતાની નવી જીપીપી પાર્ટી સાથે મેદાનમાં આવ્યા અને અહી અત્યાર સુધીની સર્વાધિક લીડ ૪૨૧૮૬ મતે જીત હાંસલ કરીને ધારાસભ્ય બન્યા હતા. પરંતુ ૨૦૧૪ માં કેશુબાપાએ રાજકીય સન્યાસની જાહેરાત કરતા વિસાવદરમાં ૨૦૧૪ માં ફરીથી પેટા ચુંટણી આવી હતી.

તે સમયે ૨૦૧૪ માં ભાજપે કેશુબાપાના પુત્ર ભરત પટેલને ટીકીટ આપીને મેદાનમાં ઉતાર્યા પરંતુ ત્યારે કોંગ્રેસ તરફથી પહેલી વખત ચુંટણી લડી રહેલા હર્ષદ રીબડીયા સામે ભરત પટેલની ૧૦૨૬૦ મતે હાર થયેલ હતી, આમ જોઈએ તો, જે કેશુબાપાને અત્યાર સુધીની સર્વાધિક લીડ સાથે વિસાવદરની જનતાએ જીતાડ્યા હતા, તે જ જનતાએ પેટા ચુંટણીમાં ભરત પટેલને જાકારો આપ્યો હતો. તે સમયે ભરત પટેલને ૫૬૮૬૮ મત જયારે હર્ષદ રીબડીયાને ૫૭૧૨૮ મત મળ્યા હતા.

આમ જોઈએ તો, ૧૯૮૫ પછી છેક ૨૦૧૪ માં કોંગ્રેસે ફરીથી આ બેઠક ઉપર કબજો તો કર્યો પરંતુ તેની ખુશી લાંબો સમય ના ચાલી વિસાવદરની જનતાએ જેમાં ૨૦૧૪ માં ભાજપને જાકારો આપ્યો તેમ ૨૦૨૨ ની ચુંટણીમાં કોંગ્રેસને પણ જાકારો આપીને ૨૦૨૨ ની ચુંટણીમાં તેમના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે આમ આદમી પાર્ટી ઉપર વિશ્વાસ મુકીને જીતાડી હતી, પરંતુ ઉમેદવારે જ દગો દીધો તો, હવે આગામી ૧૯ જુન ૨૦૨૫ ના રોજ થનાર મતદાન કોના તરફી રહેશે તે જોવાનું રહેશે.

### પોલીસને પડકાર ફેંકતા ફિલ્મી દશ્યો સર્જાયા : જાહેરમાં છેડતી

# પીછો કરીને કાર આડી નાખી શખસે યુવતીનાં વાળ ખેચ્યા

। રાજકોટ ।

શાંત, સલામત અને સુરક્ષિત કહેવાતું રાજકોટ હવે માત્ર નામ પુરતુ જ સલામત હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. કારણે પોલીસ તંત્રની ગુનેગારો પર ધાક ઓસરી હોય તેવું લાગી રહ્યું છે. કારણે હવે રાજકોટમાં બહેન-દીકરીઓ અસલામત હોય તેમ જાહેરમાં છેડતી થયાના અનેક બનાવો બન્યા છે.ત્યારે વધુ એક યુવતિની સરદારનગરથી, એસ્ટ્રોન નાળા સુધી પીછો કરી કાર આડી નાખી શખસે યુવતિના વાળ ખેચી છેડતી કરી હોવાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે.



ગુરૂવારે સમીસાંજે એક સ્કુટર પર જતા યુવક-યુવતિનો કાળા કલરની સ્કોર્પિયો ચાલકે સરદારનગરથી, એસ્ટ્રોન નાળા સુધી ફિલ્મી ઢબે પીછો કરી બે વાર કાર આડી નાખી શખસે યુવતિના વાળ ખેચ્યા હતા.જો કે સમગ્ર ઘટનાનો યુવતિએ વિડીયો ઉતારી લીધો હતો.જે હાલ વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે. બનાવ અંગે પોલીસે પણ વિડીયો આધારે કાર ચાલક નબીરાની શોધખોળ હાથ ધરી છે.

### સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં થયો વાયરલ

### બેંક કિટ ભાડે લઈ મલેશિયા, ક્યૂબાના માફિયા માટે કાંડ : મયૂર ઈટાલિયા પકડાયો

# ૨૦૦ કરોડનો કાંડ : MBA છતાં નોકરી ન મળતાં સાઈબર ફ્રોડથી ૧.૮૦ કરોડ કમાયો

### સમગ્ર કાંડના મુખ્ય સૂત્રધાર કિરતનો દૂરનો ભાણેજ હોવાનો ઘટસ્ફોટ થયો

**MBA બાદ બે વર્ષ દુબઇ પણ જઇ આવ્યો**

મયૂર ઇટાલીયા MBA કર્યા બાદ દુબઇ પણ રહ્યો હતો. બેથી ત્રણ વર્ષ રહી તેણે દુબઇમાં નોકરી પણ કરી હતી. ભારતમાં પરત આવી તે ચોખાના પાપડનું માર્કેટિંગ કરતો હતો. બાદમાં મામા સાથે મળી બેંક એકાઉન્ટ ભાડે આપવાના ધંધામાં ઝંપલાવ્યું હતું. જે ૩૦ એકાઉન્ટ તેણે ભાડે મેળવ્યા હતા તેમાંથી મોટેભાગના વરાછા-સરથાણા વિસ્તારના જ હતા.

। સુરત ।

બેંક કિટ ભાડે લઈ મલેશિયા અને ક્યુબામાં બેસેલા સાઈબર માફિયા માટે ગેમિંગ અને ફ્રોડના નાણાં લેવાના ૨૦૦ કરોડથી વધુના કૌભાંડમાં પોલીસે એમ.બી.એ. થયેલા યુવકની ધરપકડ કરી હતી. ૩૦ એકાઉન્ટ પૂરા પાડી ૧.૮૦ કરોડ કમાયેલા આ યુવકે આ નાણાંથી શેરબજારના ૫૨ પોર્ટફોલિયોમાં રોકાણ કર્યું હતું. ઝડપાયેલો મયૂર ઈટાલીયા મુખ્ય સૂત્રધારનો દૂરનો ભાણેજ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઉધના પોલીસે બાતમીના આધારે ગત અઠવાડિયે મીત પ્રવીણ ખોખાર (ઉ.વ. ૨૫, રહે. વજરત્ન રેસિડન્સી, વજચોક, સરથાણા જકાતનાકા- મૂળ પાંચટોમરા, ગારિયાધર, ભાવનગર) અને કિરત વિનોદ જાદવાણી (રહે. ગોપીનાથનગર, લજામણી ચોક પાસે, મોટા વરાછા- ઓફિસઃ રાજ ટેક્સ્ટાઈલ ટાવર, સારોલી)ની ધરપકડ કરી ૨૦૦ કરોડથી વધુના સાઈબર ફ્રોડનો ઘટસ્ફોટ કર્યો હતો. મુખ્ય સૂત્રધાર કિરત તેના ભાગીદાર દિવ્યેશ જિતેન્દ્ર ચકરાણી (રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, એકે રોડ, વરાછા) ભાગીદારીમાં રેકેટ ચલાવતો હતો. મીત ઉપરાંત બીજા ચાર એજન્ટ મારફત લોકોના બેંક એકાઉન્ટ મેળવી તેના આધારે સિમકાર્ડ તથા ટેક્સ્ટાઈલ પેઢી બનાવી તેમાં મલેશિયા અને ક્યુબામાં બેસી ભારતીયોને સાઈબર ફ્રોડનો શિકાર બનાવતી ચાઈનીઝ ગેંગને પ્રોવાઈડ કરતા હતા. સાઈબર ટોળકીને પૂરા પાડેલા ૧૦૦ બેંક એકાઉન્ટ પૈકીના કેટલાક એકાઉન્ટની ડિટેઈલ પોલીસને ચકાસતાં ૨૦૦ કરોડથી વધુનું ટ્રાન્ઝેક્શન મળી આવ્યું હતું.

સુરતથી જે એકાઉન્ટ પૂરા પાડવામાં આવતા હતા. તેમાં સાઈબર ગેંગ જે લોકોને ડિજિટલ અરેસ્ટ, છેતરીને કે ગેમિંગના નાણાં જમા કરાવતી હતી. જે નાણાં બાદમાં બીજી ગેંગ ચાઈનીઝ ગેંગને યુ.એસ. ડી.ટી. કે બીજા માધ્યમથી ટ્રાન્સફર કરી દેતા હતા. કિરત જાધવાણીના દૂરના ભત્રીજા મયૂર વિઠ્ઠલ ઈટાલીયા (રહે. સૈફી સોસા., વરાછા, મૂળ રહે, માંગુકાગામ, તા. ગારીયાધાર)ને દબોચી લીધો હતો. તેણે કિરતને અત્યાર સુધી ૩૦ એકાઉન્ટ કિટ પૂરી પાડી હતી. કીટ દીઠ તેને છ લાખ રૂપિયાનું કમિશન આપવામાં આવતું હતું. બધું મળીને ૧.૮૦ કરોડ જેટલા રૂપિયા કમાયો હોવાનું અને તે જ નાણાં શેરબજારમાં ઈન્વેસ્ટ કર્યા હતા. શેરબજારમાં તેણે ૫૨ પોર્ટફોલિયો બનાવ્યા હોવાનું ઈન્સ્પેક્ટર એસ.એન. દેસાઈએ જણાવ્યું હતું.

## સૌથી વધુમાં રાજકોટ નં.1, કોબડી ગામ 100 ટકા સ્માર્ટ મીટર ધરાવતું પ્રથમ ગામ

। રાજકોટ ।

૩૬૦૧ કરોડના ખર્ચે સૌરાષ્ટ્ર-કચ્છમાં ગત જૂન મહિનામાં શરૂ કરવામાં આવેલા પ્રથમ તબક્કાના સ્માર્ટ મીટરના પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં ૨.૫૫ લાખ રહેણાંક- વાણીજય એકમમાં લોકોની દહેશત વચ્ચે સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. તેમાં પીજીવીસીએલએ પણ સિધ્ધિ હાંસલ કરી છે. ભાવનગર ડિવીઝન હેઠળ આવતા ગામડામાં ૧૦૦ ટકા સ્માર્ટ મીટર લગાવી રાજ્યનું પ્રથમ ગામ બન્યું છે.

પીજીવીસીએલના નવ નિયુક્ત મુનેજીંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીની સૌથી મોટી ઉપલબ્ધી છે. ભાવનગર તાલુકાના કોબડી ગામની વસ્તી ૨,૩૬૬ની છે અને તેમાં ૪૦૭ ઘરની સંખ્યા છે. તેમાં કુલ ૫૧૯ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે. જેમાં રહેણાંકમાં ૪૭૯, વાણિજ્યમાં ૨૨, ઔદ્યોગિકમાં ૭, જીએલપીમાં ૪, વોટર વર્કસમાં ૪, સ્ટ્રીટલાઈટમાં ૩ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે.

### સુરતમાં રાજકોટ ક્રાઈમ બ્રાંચને જોઈ છલાંગ મારી ભાગ્યો....

# ચોરી કરેલા ૬૧ લાખના હીરા સાથે દોઢ માસથી છૂપાતો અઠંગ તસ્કર આખરે ઝડપાઈ ગયો

### જેલમાંથી ચોરીની ટીપ મળેલી, સીસીટીવીમાં ન આવે તેમ હાથ માર્યો

**રાજકોટ-શાપરમાં ચોરીના ૧૭ ગુના, બે વખત પાસા તળે જેલયાત્રા**



અઠંગ તસ્કર રાજકોટના ભક્તિનગર, તાલુકા, એ ડીવીઝન, યુનીવર્સીટી, માલવિયાનગર, આજી ડેમ, શાપર અને ખેડામાં ચોરીના ૧૮ ગુનામાં પકડાઈ ચુક્યો હોવાનું અને બે વખત પાસાતળે જેલયાત્રા પણ કરી ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે.

। રાજકોટ ।

રાજકોટના ધરમનગરમાં આવેલ ડાયમંડ કારખાનામાંથી દોઢ માસ પૂર્વે થયેલ ૬૦.૮૩ લાખના હીરાના અનડિટેક્ટ કેસનો ક્રાઈમ બ્રાંચે ભેદ ઉકેલી નાખ્યો છે સીસીટીવી અને હ્યુમન રિસોર્સથી ડીસીબીની ટીમે સુરતના ઉમરપાડામાં દરોડો પાડતા પોલીસને જોઈ ભાગેલા અઠંગ તસ્કરને દબોચી લઈ પોલીસની બીકે વેચવાને બદલે સંતાડી દીધેલા તમામ ૬૦.૮૩ લાખના ૧૧,૬૫૫ હીરા કબજે કરી પૂછતાછ કરતા ચોરી અંગે જેલમાંથી ટીપ મળી હોય પ્લાન ઘડી અગાઉથી જ હથિયારો છુપાવી દીધા હતા પોલીસે ડીવીઆર સહિતની મતા કબજે કરી છે. રાજકોટના વિવેકાનંદનગરમાં રહેતા અને પીરવાડી સામે ખોડીયાર ડાયમંડ નામે કારખાનું ધરાવતા વિપુલભાઈ વિરજીભાઈ ગોંડલીયાએ ભક્તિનગર પોલીસમાં ૬૦,૮૩,૬૫૦ના હીરાની ચોરી અંગે ગત તારીખ ૧૦ એપ્રિલના રોજ ફરિયાદ નોંધાવી હતી આ ગુનો અનડિટેક્ટ હોય ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમ દ્વારા જુદા જુદા સીસીટીવી તેમજ હીરા ચોરીમાં અગાઉ સંડોવાયેલા તસ્કરોનો સંપર્ક સાધી હ્યુમન સોર્સથી ભેદ ઉકેલી નાખ્યો છે પીએસઆઈ મોવલીયા અને ટીમે સુરતના ઉમરપાડામાં દરોડો પાડ્યો હતો પોલીસને જોઈ છલાંગ મારી ભાગવા જતા પોલીસે અઠંગ તસ્કર અજય જગદીશભાઈ નાયકા ઈ.૩૪ને દબોચી લીધો હતો પોલીસે રાજકોટ લાવી પૂછતાછ કરતા પોતે ચોરેલા હીરા વાપીમાં વેચવા નીકળ્યો હતો પરંતુ મોટી ચોરી હોય ક્યાંથી લાવ્યો તે સહિતની પૂછતાછ થતા પોતે પકડાઈ જશે તેવી બીક લાગતા રાજકોટ આવી અવાવરું જગ્યાએ સંતાડી દીધા હતા તે તમામ હીરા પોલીસે કબજે કર્યા હતા પોતે અગાઉ જેલમાં ગયો ત્યારે તેને ચોરી અંગે ટીપ મળી હતી અને પ્લાન ઘડી ચાર દિવસ પૂર્વે કટર કારખાના પાસે સંતાડી દીધું હતું તેમજ સીસીટીવીમાં કેદ ન થાય તે રીતે ડિવાઈડર ઉપર ચડીને ચોરીને અંજામ આપ્યો હતો પોલીસે હીરા ઉપરાંત માસ્ક, ટોપી, કટર, મોબાઈલ સહીત ૬૧,૦૯,૪૫૦નો મુદામાલ કબજે કર્યો છે.

### પચવામાં હળવા અને આરોગ્યની દષ્ટીએ નરવા ગ્લુટન ફ્રી ધાનની ડિમાંડ

# રાજકોટ માર્કેટ યાર્ડમાં જાડા ધાન જુવારના ભાવ ઘઉં કરતા પણ બમણા

। રાજકોટ ।

ગરીબોના ધાન ગણાતા જુવારના દામ માલ ખેંચમાં ઘઉં કરતા પણ બમણા બોલાતા જુવારની ઉપજ લેનાર કિસાનો માટે આ વાવેતર લાભદાયક સાબિત થયું છે.ઘઉં કરતા જુવારના ભાવ બમણા જોવા મળી રહ્યા છે. યાર્ડના સૂત્રોએ કહયું હતું કે માલ ખેંચમાં જુવારના ભાવ વધારે જોવા મળી રહ્યા છે.

રાજકોટ માર્કેટ યાર્ડમાં ઘઉં લોકવનના ભાવ ૪૦૦ કિવન્ટલ આવકમાં ૪૯૫થી ૫૩૦ જોવા મળ્યા હતા. જેની સામે લાલ જુવારના ભાવ ૭૫ કિવન્ટલ આવકમાં ૮૯૦થી ૧૦૦૦ જોવા મળી રહ્યોછે. ડાયેટીશ્યને કહયું હતું કે, જુવાર હવે હેલ્થ કોન્સીયસ લોકો માટે ઉપયોગી ધાન સાબિત થયું છે. પચવામાં હળવું અને એક આરોગ્યની દ્રષ્ટીએ નરવું એવી જુવારનો ઉપયોગ વધી રહ્યો છે. ગ્લુટનની એલર્જી ધરાવનારા લોકો ઘઉંના બદલે જુવાર ખાઈ શકે છે. જુવારના રોટલા ખાનારનું વજન પણ વધતું નથી.યાર્ડના ધંધાર્થીએ કહયું હતું કે લાલ અને સફેદ બંને જુવારના દામ સારા બોલાઈરહ્યા છે. લાલ જુવારની ડિમાંડ વધારે રહે છે અને તેની સામે આવક ઓછી હોવાથી ભાવ ૨૦ કિલોએ ૧૦૦૦ ઉપર જાય છે.સફેદ જુવારમાં માલની આવક સારી હોવાતી ભાવ ૬૦૦થી ૮૮૦ વચ્ચે રહે છે.

### ઘઉંના ભાવ ૪૯૫થી ૫૩૦, લાલ જુવારના ભાવ ૮૯૦થી ૧૦૦૦

### કાર્બન ઉત્સર્જન અંગે અભ્યાસ કરવામાં આવશે

# RMCની મુલાકાતે નૈરોબીનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ

### LED સ્ટ્રીટ લાઈટિંગ, સોલાર સહિતના મહત્ત્વના પ્રોજેક્ટ નિહાળશે

રાજકોટ : રાજકોટ મહાપાલિકાની મુલાકાતે આજે આફ્રિકાના કેન્યા દેશની રાજધાની નૈરોબી શહેરનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધીમંડળ આવ્યું હતું. નૈરોબીની સ્થાનિક સ્વરાજયની સંસ્થાના પ્રતિનિધીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ રાજકોટ ખાતે આવ્યા હતા અને કમિશનર તુષાર સુમેરા તેમજ અધિકારીઓ પાસેથી વિવિધ મુદ્દે બેઠક યોજી હતી.

રાજકોટ શહેરે કાર્બન ઉત્સર્જન ક્ષેત્રે ઈકલીના સહયોગથી આગવી ઓળખ ઉભી કરી છે. એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ આખા શહેરમાં નાખીને કાર્બન ઉત્સર્જન ક્ષેત્રે લાખ્ખો ટન ઉત્સર્જન ઘટાડયું છે.આ મુદ્દે નૈરોબીનું પ્રતિનિધી મંડળ પણ અભ્યાસ કરી રહયું છે. રાજકોટના પ્રોજેકટના અમલથી થયેલા ફાયદાઓનો પણ અભ્યાસ કરશે.આમ તો એક પખવાડિયા પહેલા પ્રતિનિધીમંડળ આવવાનું હતું પણ તે પાછુ ઠેલાયું હતું. આફ્રિકાના સૌથી મોટા શહેરોમાં નૈરોબીનો સમાવેશ થાય છે.

### ધંધામાં દેણું વધી જતા ૩ લાખમાં પોતાના પર ફાયરિંગ કરાવવા આપી હતી સોપારી

# મોરબીના બિલ્ડર પુત્રએ લેણદારોથી બચવા પોતે ફાયરિંગ કરાવ્યાનો ધડાકો

। મોરબી ।

આઠ દિવસ પૂર્વે માળીયા મિયાણા તાલુકામાં મોટા દહીંસરા ગામના રેલવે ફાટક નજીક મોરબીના બિલ્ડર પુત્ર ઉપર ફાયરિંગના રહસ્યમય બનાવનો મોરબી ક્રાઈમબ્રાન્ચે ભેદ ઉકેલી નાખ્યો છે. આ ચકચારી બનાવમાં ક્રાઈમબ્રાન્ચે સીસીટીવી ફૂટેજની મદદ સાથે જ બાતમીદારોને કામે લગાવી ચોંકાવનારી હકીકત ખુલી પાડી છે. ફાયરિંગનો ભોગ બનેલા વેપારી યુવાનને ધંધામાં દેણું વધુ જતા લેણદારોથી બચવા પોતે જાતે જ સોપારી આપી બે શખ્સો મારફતે ફાયરિંગ કરાવ્યું હોવાનું ખુલતા પોલીસે બન્ને શખ્સને ઝડપી લઈ હથિયાર તેમજ રોકડ રકમ કબ્જે કરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ગત તા.૨૧ મે ના રોજ માળીયા મિયાણા તાલુકાના મોટા દહીંસરા ગામના રેલવે ફાટક નજીક મોરબીના જાણીતા બિલ્ડરના પુત્ર તરુણ ઉર્ફે ગોપાલભાઈ હંસરાજભાઈ ગામી ઉ.૪૬ રહે.અવનીચોકડી મોરબી વાળા ઉપર એક અજાણ્યા શખ્સે ગાડીનો કાચ ખોલાવી ફાયરિંગ કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ નોંધાયો હતો. જો કે,આ રહસ્યમય ઘટનામાં માળીયા મિયાણા પોલીસ ઉપરાંત ક્રાઈમબ્રાન્ચની ટીમે જીણવટભરી તપાસ શરૂ કરી હાઈવે ઉપરના સીસીટીવી ફૂટેજ ચેક કરવાની સાથે જ બાતમીદારોના નેટવર્કને કામે લગાડતા ફાયરિંગ કરનાર એક શખ્સ તેમજ તેના સાથીદાર એમ બે શખ્સની મહત્વની કડી મળી ગઈ હતી.

### દારૂબંધીના કડક અમલની રજૂઆત કરતાં માથાભારે તત્ત્વો અકળાયા

# કાલાવડ તાલુકા પંચાયતના સદસ્ય ઉપર જીવલેણ હુમલો : હુમલાખોરની ધરપકડ

### પોલીસે જાહેરમાં સરભરા કરી સીન વીખી નાખ્યા,પોલીસે કડક બનવું જરૂરી

। કાલાવડ ।

કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામે દારૂબંધીના કડક અમલ માટે પોલીસને રજુઆત કરનાર કાલાવડ તાલુકા પંચાયતના સભ્ય પર માથાભારે તત્વોએ મંગળવારના મુંઢમાર માર મારી જીવલેણ હુમલો કરતા બુધવારે હોસ્પિટલમાં સારવાર લીધા બાદ આજે ફરિયાદ નોંધાવતા આજે પોલીસે હુમલાખોરને તાત્કાલિક ઝડપી જાહેરમાં સરભરા કરતા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામે દારૂબંધીના કડક અમલની પોલીસના ઉચ્ચ અધિકારીઓને રજૂઆતથી અકળાઈ ગયેલા માથાભારે તત્વોની દાદાગીરી સામે આવી છે અને દારૂની રજૂઆત કરનાર પ્રફુલભાઈ વાઘેલા પર જીવલેણ હુમલો કરતા તે અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ઈકબાલ ઉર્ફે રાજુ નુરમામદને ઝડપી લીધો હતો.

punjab national bank ...the name you can BANK upon!
ઝોનલ ઓફિસ, ચોથો માળ, ચાણક્ય બિલ્ડીંગ, દિનેશ હોલની પાસે, ઑફ આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦૦૦૯.
Email : zoahmgsad@pnb.co.in, Phone : 079-47010241, 47010242

**એમ્પેનલમેન્ટ નોટિસ**

પંજાબ નેશનલ બેંક 'ગુજરાત રાજ્યમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ આ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ઝોનલ ઓફિસના ન્યાયક્ષેત્રમાં સંયુક્ત/સિવિલ/ઇન્ટિરિયર અને ફર્નિશિંગ/ વૉટર-પ્રૂફીંગ/ઇલેક્ટ્રિકલ/એર-કંડિશનિંગ કામો માટે એમ્પેનલમેન્ટ (યાદી) બનાવવા માટે પૂર્વલાયકાત માટે અરજી' મંગાવે છે.
અરજી ડાઉનલોડ કરવા માટેની ઘોષણા: ૩૦.૦૫.૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ થી
અરજી ડાઉનલોડ કરીને જમા કરાવવા માટેની છેલ્લી તારીખ: ૩૦.૦૬.૨૦૨૫ સાંજના ૧૭.૦૦ સુધી
પૂર્વલાયકાત દસ્તાવેજ અમારી વેબસાઇટ https://www.pnbindia.in/Tender.aspx પરથી ડાઉનલોડ કરી શકાશે.
હાલમાં ગુજરાત રાજ્યમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ આ કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ઝોનલ ઓફિસના ન્યાયક્ષેત્રમાં સંયુક્ત/સિવિલ/ઇન્ટિરિયર અને ફર્નિશિંગ/ વૉટર-પ્રૂફીંગ/ ઇલેક્ટ્રિકલ/એર-કંડિશનિંગ કામો માટે સેવાઓ પૂરી પાડતા કોન્ટ્રાક્ટરોએ આ વર્તમાન એમ્પેનલમેન્ટ પ્રક્રિયા માટે ફરીથી અરજી કરવાની રહેશે.
અરજીનું ફોર્મ જરૂરી દસ્તાવેજો સાથે પંજાબ નેશનલ બેંક, ઝોનલ ઓફિસ, અમદાવાદ, ૪થે માળે, ચાણક્ય બિલ્ડિંગ, દિનેશ હોલ પાસે, ઓફ આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે જમા કરાવવાનું રહેશે. ઉપરોક્ત પૂર્વલાયકાત દસ્તાવેજ અંગે કોઈ સુધારો/સ્પષ્ટીકરણ હશે તો તે માત્ર ઉપરની વેબસાઇટ પર જ પ્રકાશિત થશે, તો નિયમિત રીતે જોવી.
ચીફ મેનેજર

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

| કામનું નામ / ટેન્ડર નોટીસ નંબર- | (૧) એસ્ટીમેટ ની રકમ (લાખ રૂપિયામાં) (૨) ટેન્ડર ફી (રૂપિયામાં) (૩) ઈ.એમ.ડી (રૂપિયામાં) (૪) ક્લાસ (૫) સમય મર્યાદા | (અ) પ્રિ બીડ મીટીંગ ની તારીખ (બ) ટેન્ડર ડોક્યુમેન્ટ ઓનલાઈન ડાઉનલોડીંગ/ સબમીશન કરવાની છેલ્લી તારીખ. (ક) ટેન્ડર ડોક્યુમેન્ટ સબમીશન કરવાની તારીખ. (ડ) સબમીશન કરેલા ટેન્ડર ડોક્યુમેન્ટ ઓનલાઈન ચકાસણી કરવાની તારીખ. (ઈ) ટેકનિકલ બીડ ખોલવાની તારીખ. (એફ) પ્રાઈસ બીડ ખોલવાની તારીખ. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| મુખ્ય ઈજનેરશ્રી (ડેમ), સ.સ.ન.નિ.લિ.,એકતા નગર હસ્તક ના કામો માટે ઓન લાઇન ટેન્ડરની જાહેરાત | | |
| ટેન્ડર નોટીસ નં.- ૦૬ વર્ષ ૨૦૨૫-૨૬ આઈડી નં. ૧૯૧૪૪૫ લીમડી ગામથી ટેન્ટ સિટી-૨ સુધીના એપ્રોચ રોડનું બાંધકામ, એકતા નગર. | (૧) રૂ. ૬૩૪.૧૫ /- લાખ (૨) રૂ. ૧૪,૧૬૦/- (૩) રૂ. ૬,૭૫,૦૦૦/- (૪) "એ અને ઉપર ના" (૫) ૬ (છ) માસ | (અ) ૦૪/૦૬/૨૦૨૫, ૧૨:૦૦ કલાકે (બ) ૧૮/૦૬/૨૦૨૫, ૧૮.૦૦ કલાક સુધી (ક) ૧૯/૦૬/૨૦૨૫ થી ૨૫/૦૬/૨૦૨૫, ૧૮.૦૦ કલાક સુધી (ડ) ૧૯/૦૬/૨૦૨૫, ૧૧.૦૦ કલાક પછી (શક્ય હશે તો) (ઈ) ૧૯/૦૬/૨૦૨૫, ૧૨.૦૦ કલાક પછી (શક્ય હશે તો) (એફ) ૧૯/૦૬/૨૦૨૫, ૧૩.૦૦ કલાક પછી (શક્ય હશે તો) |

સૂચના:- સંપર્ક સ્થળ, ટેન્ડર ડોક્યુમેન્ટ સબમીશન અને ટેન્ડર ખોલવાની વધુ વિગત માટે મહેરબાની કરી https://tender.nprocure.com વેબ સાઈટ ની મુલાકાત કરો. (માહિતી/૪૭૯/૨૦૨૫-૨૬)

**ગુજરાત હાઉસીગ બોર્ડ**
કાર્યપાલક ઇજનેરશ્રી અને જાગીર વ્યવસ્થાપકશ્રીની કચેરી, ગુજરાત હાઉસીગ બોર્ડ, સુરત - ૩૯૫૦૦૨
(ફોન નં. ૦૨૬૧-૨૩૪૧૪૫૩)

ગુજરાત હાઉસીગ બોર્ડની અમદાવાદ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી જુની અને પ્રાથમિક દ્રષ્ટીએ જર્જરીત જણાતી યોજનાઓમાં બોર્ડના એક્ટ ૧૯૬૧ના ધી ગુજરાત હાઉસીગ બોર્ડ એક્ટ નંબર:૨૮ની કલમ ૭૫ હેઠળ ગુજરાત હાઉસીગ બોર્ડ રચેલા પેટા નિયમો પ્રમાણે એકવાર મકાન/ફ્લેટની સોપણી લાભાર્થીને કરવામાં આવે ત્યારબાદ મકાનોની આંતરીક ભાગની જાળવણી અને દેખરેખની કામગીરી જે તે મકાન ધારક દ્વારા જ કરવાની રહે છે. તેમજ સહિયારી માલીકીની દેખરેખ અને જાળવણીની જવાબદારી લાભાર્થીઓ/એસોસીએશનની જ રહે છે અને ગુજરાત હાઉસીગ બોર્ડની રહેતી નથી, જે વિગત આપના એસોસીએશનની રચના સમયે થયેલ બંધારણની જોગવાઈઓને સુસંગત છે. જી.ડી.સી.આર-૨૦૦૪ મુજબ બિલ્ડીગ મેઈનટેનન્સ સમયાંતરે માલિક/કબ્જેદાર દ્વારા કરવાનું રહે છે તેમજ બી.પી.એમ.સી એક્ટ-૧૯૪૯ સેક્શન-૨૬૮ મુજબ power of commissioner to vacate any building in certain circumstances if the building or part there of is in a ruinous or dangerous condition within meaning of section-264 જી.બી.પી.એમ.સી. એક્ટ મુજબ સત્તાની રૂપે સ્થાનિક સત્તામંડળને જો આપની યોજના અત્યંત જર્જરીત અને ભયજનક જણાતી હોય તો તેઓ જાણકરી તુરંત વસવાટ બંધ કરી શકે છે. જેથી અગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઇ દુર્ઘટના ટાળી શકાય. જે મુજબ આપના શહેરની આવાસ યોજના / સોસાયટીને જર્જરીત જાહેર કરવામાં આવે અથવા પ્રાથમિક દ્રષ્ટિએ જર્જરીત જણાતી હોય તેમ છતા પણ વસવાટ બંધ કરવામાં નહિ આવે અને કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તે અંગે જે તે રેહવાસીની અંગત જવાબદારી રેહશે તેમાં ગુજરાત હાઉસીગ બોર્ડ/સરકારશ્રીની કોઈ જવાબદારી રહેશે નહિ. જેની નોંધ લેવા વિનંતી

વધુમાં જણાવવાનું કે, આવા ખાલી કરેલ/ખાલી કરાવવાના થતા મકાનોના સામે બોર્ડના એક્ટમાં કોઈ વૈકલ્પિક વ્યવસ્થા તેમજ મરામત અને જાળવણીની જોગવાઈ નથી. પરંતુ જો યોજનાઓના ૭૫% લાભાર્થીઓ સંમત થાય તો સરકારશ્રીની રી-ડેવલોપમેન્ટ પોલીસી અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.જે માટે જે તે યોજનાના એસોસીએશનનાં પ્રમુખશ્રી/જવાબદાર પ્રતિનિધિશ્રીઓએ ગુજરાત હાઉસીગ બોર્ડ,સુરત ની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

ક્રમાંક : માહિતી-સુરત/૩૧૪/૨૦૨૫

ORIENTAL CARBON AND CHEMICALS LIMITED

**ઓરિએન્ટલ કાર્બન એન્ડ કેમિકલ્સ લિમિટેડ**
કોર્પોરેટ આઇડેન્ટિટી નંબર (સીઆઇએન ): L24297GJ1978PLC133845
રજી. ઓફિસ : પ્લોટ નં. ૩૦-૩૩, સર્વે નં. ૭૭, નિશાંત પાર્ક, નાના કપાયા, મુંદ્રા, કચ્છ, ગુજરાત-૩૭૦૪૧૫
ઈ-મેલ આઈડી : investors@agventures.co.in, ટેલી. : +૯૧ ૧૨૦ ૨૪૪૬૮૫૦
વેબસાઇટ : www.agventuresltd.com

**નોટિસ**
(કંપનીના ઈક્વિટી સભ્યોની જાણ માટે)

વિષય : કંપનીના ઈક્વિટી શેરો ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPF)ને ટ્રાન્સફર કરવા બાબત

આથી આ નોટિસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬, સમયાંતરના સુધારા સહિત ("આઈઈપીએફ નિયમો")ની જોગવાઈઓ અન્વયે પ્રકાશિત કરવામાં આવે છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬) સહિત વંચાણે લેતા ઉપરોક્ત નિયમો મુજબ, તમામ શેરો કે જેમના ડિવિડન્ડો કંપની દ્વારા જાહેર કરાયા હોય, તેમનો દાવા કરવામાં આવેલ ન હોય કે સતત સાત વર્ષ કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના ફાઇનલ ડિવિડન્ડની ચુકવણી સુધીથી વધુ સમયગાળા બિનચુકવાયેલ હોય તેમને કંપની દ્વારા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (IEPF) આઈઈપીએફમાં તબદીલ કરવાના હોય છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ જરૂરિયાતો મુજબ, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે જાહેર કરેલ ડિવિડન્ડ (ફાઇનલ ડિવિડન્ડ) જે સતત સાત વર્ષ કે તેથી વધુ સમયગાળા સુધી દાવો કરાયેલ ન હોય કે બિનચુકવાયેલ હોય તેના ઈક્વિટી શેરો આઈઈપીએફ ઓથોરિટીના ડિમેટ એકાઉન્ટમાં તબદીલ કરવામાં આવશે તે બાબતે સભ્યો સાથે વ્યક્તિગત સંદેશાવ્યવહાર કરેલ છે. કંપનીએ આવા સભ્યો અને શેરો જે આઈઈપીએફ ઓથોરિટીમાં તબદીલ થવા માટે ડ્યૂ છે, તેની સંપૂર્ણ વિગતો કંપનીની વેબસાઈટ www.agventuresltd.com ઉપર અપલોડ કરેલ છે.

તમામ સંબંધિત સભ્યોને તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૫ સુધી અથવા તે પહેલા કંપની કે કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને જરૂરી દસ્તાવેજો આપી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ તથા ત્યારબાદના ફાઇનલ ડિવિડન્ડોની રકમ ઉપાડી લેવા પુનઃ સૂચિત કરવામાં આવે છે, કે જેથી તે શેરો અને / અથવા ડિવિડન્ડ આઈઈપીએફમાં તબદિલ ન થાય. જો કંપની કે કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને ઉપરોક્ત સમયગાળા સુધી કોઈ પ્રત્યુતર મળતો નથી, તો કંપની નિયમોમાં નિર્ધારિત વિવિધ જરૂરિયાતોની પરિપૂર્તિ કરતા નીચે આપેલ ડ્યૂ પ્રોસેસને અનુસરતા હવે કોઈ પણ નોટિસ આપ્યા વગર નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના તમામ શેરો અને ફાઇનલ ડિવિડન્ડ આઈઈપીએફમાં તબદિલ કરશે.

૧. જો ભૌતિક સ્વરૂપે શેર હોય તો : સંબંધિત સભ્યો વતી ડુપ્લિકેટ શેર સર્ટિફીકેટ જારી કરી તેમને આઈઈપીએફ ઓથોરિટીમાં ટ્રાન્સફર કરાશે.
૨. જો ડિમેટ સ્વરૂપે શેર હોય તો : ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ્સની સહાયથી આઈઈપીએફ ઓથોરિટીના ડિમેટ એકાઉન્ટમાં શેરો સીધા ટ્રાન્સફર કરાશે.

સંબંધિત સભ્યો આઈઈપીએફ ઓથોરિટીમાં ટ્રાન્સફર થયેલ બિનદાવાવાળા ડિવિડન્ડ તથા શેરો એમ બંને માટે આઈઈપીએફ નિયમોમાં આપેલ નિર્ધારિત કાર્યવાહી અનુસરીને દાવો કરી શકશે.

જો કોઈ સભ્યને આ વિષયવસ્તુ અને નિયમો સંબંધે કોઈપણ પ્રશ્ન / સ્પષ્ટતા કરવી હોય તો, તે માટે તેઓ કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રા. લિ., રસોઈ કોર્ટ, પાંચમો માળ, ૨૦, સર આર. એન. મુખરજી માર્ગ, કોલકાતા ૭૦૦ ૦૦૧, પશ્ચિમ બંગાળ ટેલિ. +૯૧ ૩૩ ૪૦૦૪ ૯૭૨૮/૧૬૯૮, ઈ-મેલ આઈડી : kolkata@in.mpms.mufg.com પર સંપર્ક કરી શકે છે.

આ નોટિસ કંપનીની વેબસાઈટ www.agventuresltd.com ઉપર જોઈ શકાય છે તથા સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટો www.bseindia.com તથા www.nseindia.com પર પણ જોઈ શકાશે.

ઓરિએન્ટલ કાર્બન એન્ડ કેમિકલ્સ લિમિટેડ વતી
સહી/
સ્થળ : નોઇડા વિપિન
તારીખ: ૨૯/૦૫/૨૦૨૫ કંપની સેક્રેટરી